RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 170 Date: 11.04.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# DMK પાસે ભ્રષ્ટાચારનું કોપીરાઈટ: વડાપ્રધાન



લોકસભા ચૂંટણી માટેના પ્રચારમાં વડાપ્રધાન મોદી આજે તમિલનાડુના પ્રવાસે છે. મોદીએ વેલ્લોરમાં જનસભાને સંબોધતી વખતે કહ્યું- DMK પાસે કરપ્શનનું કોપીરાઈટ છે. આખો પરિવાર મળીને તમિલનાડુને લૂટવાનું કામ કરી રહી છે. પાર્ટી એક ફેમિલી કંપની બની ગઈ છે. તેમણે એન્ટી-તમિલ કલ્ચરને પણ પ્રોત્સાહન આપ્યું છે. મોદીએ કહ્યું કે DMK તમિલનાડુને જૂના વિચારમાં ફસાવીને રાખવા ઈચ્છે છે. DMK ની ફેમિલી પોલિટિક્સના કારણે અહીંના યૂથને આગળ વધવાની તક મળી રહી નથી. આ પાર્ટીમાં આગળ વધવા માટે ૩ ક્રાઈટેરિયા છે. પહેલો- ફેમિલી પોલિટિક્સ, બીજો- કરપ્શન અને ત્રીજો એન્ટી તમિલ કલ્ચર. વડાપ્રધાન મોદી તમિલનાડુના મેટ્ટુપાલયમમાં બપોરે ૧.૪૫ વાગ્યે ચૂંટણી સભાને સંબોધિત કરશે. તે પછી તેઓ મહારાષ્ટ્રના નાગપુરના રામટેક જશે. અહીં સાંજે ૬ વાગ્યે તેમની ચૂંટણી સભા થશે. છેલ્લા થોડા દિવસોમાં પીએમ મોદીએ યૂપી, એમપી અને ચેન્નાઈમાં જનસભા અને રેલી કરી હતી. ૨૦૧૪ પહેલા ભારતની અર્થવ્યવસ્થા ઘણી નબળી હતી. દેશમાં માત્ર કૌભાંડના સમાચાર આવતા હતા. ભારત વિશે ઘણી બધી ખરાબ વાતો કહેવામાં આવી હતી. ભારતની અર્થવ્યવસ્થા કોઈપણ સમયે નિષ્ફળ થઈ શકે છે, પરંતુ હવે ભારત વિશ્વમાં એક મોટી શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. તમિલનાડુએ આમાં મોટી ભૂમિકા ભજવી છે. એનડીએ સરકાર વેલ્લોરના લોકોને ધ્યાનમાં રાખીને કામ કરી રહી છે. વેલ્લોર એરપોર્ટનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થશે. આ સાથે વેલ્લોર એર કનેક્ટિવિટીના નકશા પર આવી જશે. ૨૦૧૪થી અહીં રેલવેનો પણ વિકાસ થયો છે. સ્ટેશનોની સંખ્યા સાથે ટ્રેનોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. રેતી તસ્કરોએ ૨ વર્ષમાં રાજ્યને ૪૬૦૦ કરોડનું નુકસાન કર્યું હોવાનું તાજેતરમાં બહાર આવ્યું છે. સમગ્ર રાજ્યમાં લૂંટનો ખેલ ચાલી રહ્યો છે. અમે રાજ્યના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી હજારો કરોડો રૂપિયા મોકલીએ છીએ. આ પૈસા ડીએમકેના ભ્રષ્ટાચારમાં જાય છે. ડીએમકેએ રાજ્ય અને નાના બાળકોનું ભવિષ્ય છોડ્યું નથી. શાળામાં ડ્રગ્સનો વેપારી પણ છે. DMK દ્વારા જે ડ્રગ્સ માલિકની ધરપકડ કરવામાં આવી છે. તે સ્ટાલિન પરિવાર સાથે સંબંધિત છે. આ ચૂંટણીઓમાં તમિલનાડુની જનતા ડીએમકેના પાપોનો હિસાબ આપશે.

## ઉજ્જૈનના મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં લાગેલી આગમાં એક સેવકનું મોત

ઉજ્જૈન,તા.૧૦

આ વર્ષે હોળીના દિવસે મધ્યપ્રદેશના ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં એક મોટો અકસ્માત થયો હતો. ૨૫ માર્ચે ભસ્મ આરતી દરમિયાન ગર્ભગૃહમાં આગ લાગી હતી. આ અકસ્માતમાં ૧૪ લોકો દાઝી ગયા હતા. આ ઈજાગ્રસ્તો પૈકી એકનું હાલ મોત થયું છે. તેનું નામ સત્યનારાયણ સોની છે, જે મંદિરના સેવક હતા. તેમની મુંબઈની એક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. ગર્ભગૃહમાં ગુલાલ ઉડાવવામાં આવી રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો.

૨૫મી માર્ચે સવારે મહાકાલ મંદિરમાં ભસ્મ આરતી થઈ રહી હતી. મંદિરમાં ભગવાનનો જયજયકાર થઈ રહ્યો હતો. ૫:૪૯ વાગ્યે ગર્ભગૃહમાં આગ ફાટી નીકળી ત્યારે ભક્તો ભોલેની ભક્તિમાં મગ્ન હતા. આ અકસ્માતમાં પૂજારી સહિત ૧૪ લોકો દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોમાંથી ૯ને ઈન્દોર રીફર કરવામાં આવ્યા હતા. ૫ની સારવાર ઉજ્જૈનમાં જ કરવામાં આવી હતી.

## ઘરેથી મતદાન કરવાના પ્રયોગને ૮૫ પ્લસ અને દિવ્યાંગોનો મોળો પ્રતિસાદ

ગાંધીનગર : ચૂંટણી પંચ દ્વારા આ વખતે વયસ્ક મતદારો તથા દિવ્યાંગ મતદારો માટે ખાસ સુવિધા કરવામાં આવી હતી. મતદાનની ટકાવારી વધે તે માટે નવતર પ્રયોગના ભાગરૂપે ૮૫ પ્લસના તેમજ દિવ્યાંગ મતદારો ઘરેથી મતદાન કરી શકે તેવી સુવિધા આપવામાં આવી છે પરંતુ આ સુવિધાને મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ૮૫ પ્લસના કુલ ૧૦ હજારથી વધુ મતદારો પૈકી ૫૬૦ જેટલા મતદારોએ ઘરેથી મતદાનો વિકલ્પ અપનાવ્યો છે. આવી જ રીતે દિવ્યાંગ ૧૧ હજાર પૈકી પાંચ ટકા જેટલા જ મતદારોએ ફોર્મ ૧૨ ડી ભરીને ઘરેથી મતદાન કરવાનું પસંદ કર્યું છે.

લોકસભા ચૂંટણીને કેન્દ્રમાં રાખીને સમગ્ર તંત્ર ચૂંટણી કામગીરીમાં ઓતપ્રોત છે તેવી સ્થિતિમાં આ વખતે ચૂંટણી પંચે મતદાન વધે અને વયસ્કો તથા દિવ્યાંગ મતદારોને સુવિધા મળી રહે તે માટે તોએ ઘરેથી મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવી છે. આ માટે અગાઉ બીએલઓ મારફતે સર્વે કરીને ૧૨ડી ફોર્મ ભરાવવામાં આવ્યા હતા પરંતુ ચૂંટણી પંચના આ નવતર પ્રયોગને ગાંધીનગરમાંથી મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. ગાંધીનગરમાં કુલ ૧૦,૧૬૭ વયસ્ક એટલે કે, ૮૫ વર્ષથી વધુ વયના મતદારો છે. જે પૈકી ફક્ત ૫૬૦ મતદારોએ જ ઘરેથી મતદાન કરવાનું પસંદ કર્યું છે અને આ વિકલ્પ સ્વિકાર્યો છે. ૮૫ પ્લસના કુલ મતદારોના સાપેક્ષમાં આ વિકલ્પ પસંદ કરનાર મતદારોની સંખ્યા ટકાવારીમાં જોઈએ તો ફક્ત સાડા પાંચ ટકા જ થાય છે. એટલે કે, ૯૫ ટકા જેટલા વયસ્ક મતદારોએ ચૂંટણી પંચની આ સુવિધાનો લાભ લેવા માંગતા નથી તેમ કહી શકાય.

જો કે, મોટાભાગના ૮૫ પ્લસના મતદારો મતદાન બુથ ઉપર જઈને જ મતદાન કરવાનું પસંદ કરે છે. હવે ઘરેથી મતદાન કરવાનું પસંદ કરનાર આ ૫૬૦ જેટલા મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા બેલેટ પેપર મારફતે મતદાન કરાવવામાં આવશે. આવી જ રીતે દિવ્યાંગ મતદારોની વાત કરીએ તો, ૧૧,૪૭૫ જેટલા દિવ્યાંગ મતદારો સમગ્ર જિલ્લામાં છે જે પૈકી ૫૭૩ જેટલા દિવ્યાંગ મતદારોએ ઘરેથી મતદાન માટેનો આ વિકલ્પ આપનાવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે.

## હિન્દ મહાસાગરમાં ચીને ત્રણ-ત્રણ જાસૂસી જહાજો તૈનાત કર્યા



ચીન ભારતને ધ્યાનમાં રાખીને હિન્દ મહાસાગરમાં પણ પગ પેસારો કરી રહ્યુ છે. આ વિસ્તારમાં ચીનના જહાજો છાશવારે દેખા દેતા હોય છે. મળતી જાણકારી પ્રમાણે આ વખતે હિન્દ મહાસાગરમાં ચીને પોતાના ત્રણ જાસૂસી જહાજો તૈનાત કર્યા છે. જેમાંનુ એક જહાજ અત્યારે આંદામન ટાપુ સમૂહ પાસે, બીજુ માલદીવ ખાતે અને બીજુ મોરેશિયસ નજીક છે. આ જહાજોને ચીન રિસર્ચ માટેના જહાજો ગણાવે છે પણ હકીકતમાં તેનો ઉપયોગ બીજા દેશોના જહાજો પર જાસૂસી માટે થતો હોય છે. ત્રણ જહાજ પૈકી એકનુ નામ જિયાંગ યાગ હોંગ-૧ છે. જે આંદામાન ટાપુઓથી ૬૦૦ માઈલના અંતરે છે. જયાં તે દરિયાના તળિયાનુ મેપિંગ કરી રહ્યુ છે તેમજ ભવિષ્યમાં સબમરિનનુ સંચાલન કરી શકાય તે માટે ડેટા એકત્રિત કરી રહ્યુ છે. સાત માર્ચે તે આ વિસ્તારમાં દાખલ થયુ હતુ અને હજી પણ આ જ જગ્યાએ છે. બીજુ જહાજ જિયાંગ યાગ હોંગ-૨ અત્યારે માલદીવ ખાતે છે. જે ૩૫૦ માઈલના વિસ્તારમાં હાઈડ્રોગ્રાફિક સર્વે કરી રહ્યુ હોવાનુ ચીનનુ કહેવુ છે.

## એસઓજીની ટીમે પાન પાર્લરમાં દરોડો પાડી ઈ-સિગારેટનો જથ્થો ઝડપી લીધો

ગાંધીનગર : ગાંધીનગર શહેરના ઈન્ફોસિટી સુપર મોલ એકમાં આવેલા અશોક પાન પાર્લરમાં સ્પેશિયલ ઓપરેશન ગ્પની ટીમને દરોડો પાડીને ઈ સિગારેટ અને પ્રતિબંધિત સિગારેટના જથ્થો જપ્ત કરી લેવામાં આવ્યો હતો અને ૧.૨૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી વેપારી સામે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં પ્રતિબંધિત ચીજ વસ્તુઓ અને નશાનો કારોબાર કરતા તત્વો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ઈન્ફોસિટી સુપર મોલ એકમાં આવેલ દુકાન નંબર ૩૯માં અશોક પાન પાર્લર ચલાવતો સુનિલ શતવીરસિંહ જાદુન રહે, આશીર્વાદ હોમ્સ હંસપુરા અમદાવાદ દુકાનમાં અલગ અલગ ફ્લેવરની નિકોટીન યુક્ત ઈ-સિગારેટ અને પ્રતિબંધિત સિગારેટ તેમજ તમાકુ રાખીને નશાનો કારોબાર ચલાવે છે. જે બાતમીના પગલે પોલીસની ટીમ અહીં તપાસ માટે પહોંચી હતી અને સુનિલ હાજર મળી આવ્યો હતો. જેને સાથે રાખીને દુકાનમાં તપાસ કરતા અલગ અલગ ફ્લેવરની ૧૩ જેટલી સિગારેટ મળી આવી હતી. જેની સાથે દુકાનમાં પ્રતિબંધિત સુગારેટના બોક્સ, તમાકુના પેકેટનો જથ્થો મળી આવ્યો હતો. જે સંદર્ભે તેની પૂછપરછ શરૃ કરવામાં આવી હતી

## ભોજપુરી એક્ટર પવન સિંહની મોટી જાહેરાત,કારાકાટથી લોકસભા ચૂંટણી લડશે



લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ભોજપુરી એક્ટર પવન સિંહે બુધવારે મોટી જાહેરાત કરી. તેમણે માહિતી આપી છે કે, તેઓ કારાકાટથી લોકસભા ચૂંટણી લડશે. પવન સિંહ આ વખતે લોકસભા ચૂંટણીને લઈને પહેલાથી જ ચર્ચામાં હતા. ભાજપે તેમને બંગાળના આસનસોલથી ટિકિટ આપી હતી, પરંતુ થોડી વાર પછી તેમણે આસનસોલથી ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી. પવન સિંહે 'ઠ' પર લખ્યું કે, 'માતા ગુરૂતરા ભૂમેરૂ' એટલે માતા આ ભૂમિથી ક્યાંક વધારે ભારે હોય છે અને મેં પોતાની માતાએ વચન આપ્યું હતું કે હું આ વખતે ચૂંટણી લડીશ. મેં નક્કી કર્યું છે કે હું ૨૦૨૪ની લોકસભા ચૂંટણી કારાકાટ, બિહારથી લડીશ. જય માતા દી. જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણીના એલાન પહેલા પવન સિંહ ભાજપમાં સામેલ થયા હતા. અંદાજ લગાવાય રહ્યો હતો કે પવન સિંહ ભાજપની ટિકિટ પર બિહારથી ચૂંટણી લડશે, પરંતુ આસનસોલથી પવન સિંહની ઉમેદવારીના એલાન બાદ તમામ અટકળો પર વિરામ લાગી ગયો. તેનાથી પવન સિંહને લઈને રાજકીય ગરમાવો આવ્યો હતો. તો ટીએમસી નેતા બાબુલ સુપ્રિયો સતત પવન સિંહ પર પ્રહાર કરી રહ્યા હતા. જેના પર પવન સિંહ પણ પલટવાર કરી રહ્યા હતા. એવું મનાઈ રહ્યું હતું કે, પવન સિંહનો મૂડ બદલાશે તો તેઓ આસનસોલથી ચૂંટણી લડશે.

## પાટનગરમાં આકરી બની રહેલી ગરમી ૪૦.૫ ડિગ્રી ગરમીમાં નગરજનો શેકાયા

ગાંધીનગર : વાતાવરણમાં પલટો આવતા ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનું આક્રમણ વધી રહ્યું હોય તે પ્રકારે તાપમાનના પારામાં વધારો થવાથી નગરજનો પરસેવે રેબઝેબ થઇ રહ્યા છે. મંગળવારે એક ડિગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી આવીને અટક્યું હતું. તો બીજી તરફ આગામી દિવસોમાં વધુ ગરમી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વધી રહેલી ગરમીની અસર જનજીવન ઉપર પણ જોવા મળી રહી છે. સમગ્ર રાજ્યમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી ગરમીનું આક્રમણ તીવ્ર બનતું હોય તે પ્રકારે તાપમાનના પારામાં વધારો થઈ રહ્યો છે એપ્રિલ માસના પ્રારંભના દિવસોમાં ઉનાળાની કાળઝાળ ગરમીનો અનુભવ થતો હોય તે પ્રકારે મહત્તમ અને લઘુત્તમ તાપમાનના પારામાં વધઘટ નોંધાઈ હતી. બીજી તરફ બદલાયેલા હવામાનને કારણે થોડા દિવસ અગાઉ મહત્તમ અને લઘુતમ પારો ગગડી જતા નગરજનોને બેવડી મોસમ અનુભવવા મળી રહી હતી. ત્યારે છેલ્લા ત્રણ ચાર દિવસથી અચાનક જ દિવસ અને રાત્રીના તાપમાનમાં વધઘટ થવાથી તેની અસર દિવસ દરમિયાન અનુભવવા મળી હતી. સોમવારે લઘુતમ તાપમાન ૨૩.૮ ડિગ્રીએ પહોંચ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૩૯.૩ ડિગ્રી આવીને અટક્યું હતું. જેમાં મંગળવારે વધારો ઘટાડો થવાથી નગરજનો પરસેવે રેબઝેબ થઇ ગયા હતા.

## ભાજપે દિગ્ગજ મહિલા સાંસદ અને બોલિવૂડ સેલિબ્રિટીનું પત્તું કાપી સૌને ચોંકાવ્યાં



ચંડીગઢમાં લોકસભા ચૂંટણી માટે ભાજપે પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીદી છે. ભાજપે ચંડીગઢથી બે વખત સતત ચૂંટણી જીતી ચૂકેલા કિરણ ખેરની ટિકિટ કાપી નાંખી છે. હવે ભાજપે સંજય ટંડનને ટિકિટ આપી છે. સંજય ટંડન પહેલી વખત લોકસભા ચૂંટણી લડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર કિરણ ખેર પહેલા જ ચૂંટણી લડવાનું ના પાડી ચૂક્યા હતા, પરંતુ તેઓ ટિકિટની રેસમાં હતા. જો કે કેન્સરની બીમારી અને સાથે જ ચંડીગઢ શહેરમાં તેની ગેરહાજરી ટિકિટ ન મળવાનું કારણ માનવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ટિકિટ મળ્યા બાદ સંજય ટંડને કહ્યું છે કે, 'કિરણ ખેરે સારું કામ કર્યું છે અને હવે બહારના અને સ્થાનિક મુદ્દા ખતમ થઈ ગયા છે.' બીજી તરફ, ટંડનને ટિકિટ મળ્યા બાદ કિરણ ખેરે તેમને શુભકામનાઓ પણ આપી હતી. ચંડીગઢમાં લોકોની તરફથી સ્થાનિક વ્યક્તિને લોકસભા ચૂંટણી માટે ઉમેદવાર બનાવવાની માગ કરવામાં આવી હતી. વિપક્ષ પણ સતત સાંસદ કિરણ ખેર પર નિશાન સાધતું હતું અને આરોપ લગાવતું કે 'તેઓ શહેરમાં રહેતા જ નથી.' ભાજપ પણ સતત સર્વે કરાવી રહ્યું હતું. આ તમામ વાતોને ધ્યાનમાં રાખતા હવે સંજય ટંડનને તક આપવામાં આવી હોવાનું મનાય છે. ચંડીગઢમાં ફેબ્રુઆરીમાં રોઝ ફેસ્ટિવલ દરમિયાન સાંસદ કિરણ ખેરે નિવેદન આપ્યું હતું કે, 'હું આગામી લોકસભા ચૂંટણી લડશે નહી.

## તંત્રી લેખ......

# જનલક્ષી રાજનીતિનું નવું રૂપ

લોકસભા ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. વિભિન્ન પક્ષો દ્વારા ચૂંટણી ક્ષેત્રોની ટિકિટો અપાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તો રેલીઓ અને સાથે રોડ શો પણ શરૂ થઈ ગયા છે. તેને જોતાં કહી શકાય કે ચૂંટણી પ્રચારમાં ભાજપ આગળ નીકળી ગઈ છે. મોદી એક લોકપ્રિય નેતા જ નહીં પરંતુ આજની જનતાંત્રિક રાજનીતિના શિલ્પી પણ છે. દેશની જનતાંત્રિક રાજનીતિમાં અનેક મોટા નેતા થયા, પરંતુ તેમાં કેટલાય જૂના ચીલે જ ચાલતા રહ્યા. કેટલાક થયા જેમણ પોતાની રાજનીતિ માટે નવો રસ્તો બનાવ્યો. જો વડાપ્રધાન મોદીની રાજનીતિને ઊંડાણથી વિશ્લેષિત કરીએ તો જણાશે કે તેણે પોતાની રાજનીતિની એક નવી જ શૈલી વિકસિત કરી છે. તે રાજનીતિના એવા શિલ્પકાર રૂપે ઉભર્યા છે, જેમણે ભારતીય પરંપરામાં પોતાનાં મૂળ જમાવેલાં છે. તેનું એક કારણ તેમનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક રૂપે કાર્ય કરવાનું છે.

જો મોદીના રાજકીય ક્રિયાકલાપોની વ્યાખ્યાથી કોઈ એક સૂત્ર શોધીએ તો તે છે સતત બદલાવ - સતત નવોન્મેષ. આ નવોન્મેષની દિશા તેમની ભારતના ભવિષ્યની અવધારણાથી બને છે અને આકાર લેછે. તેમણે જે પ્રકારે ૨૦૪૭ સુધી વિકસિત ભારત અને હજાર વર્ષ બાદ ભારતનું સપનું જોયું છે, તેનું સ્વરૂપ ઉભરી આવવું આસાન છે. આ નવોન્મેષની બીજી દિશા થાકેલા, હારેલા, ઉદાસ જનમાં આશા જગાવવાની રાજનીતિ વિકસિત કરવી અને એ આશાઓને પૂરી કરવા માટે લોકોમાં ક્ષમતા નિર્માણની નીતિ પર કામ કરવાનું છે.

ગત દિવસોમાં ઉત્તર ભારતના એક ગામમાં એક પછાત સામાજિક સમૂહના યુવાઓ સાથેની ચર્ચામાં જ્યારે મોંઘવારી, ગરીબી, બેરોજગારીનો સંદર્ભ આવતો હતો, ત્યારે તેમણે કહ્યું કે હવે દેશ પહેલાં જેવી દશામાં નથી. દેશ આગળ વધી રહ્યો છે. બધાને આગળ વધવાનો રસ્તો દેખાઈ રહ્યો છે. નોકરી મળી તો ઠીક નહીં તો કંઈક ધંધો કરી લઈશું. બેંક લોન, સ્ટાર્ટઅપની અનેક યોજનાઓ ચાલે જ છે ને? આ ચર્ચાથી લાગે કે તળિયાના લોકોમાં એક પ્રકારની આશા જાગી છે અને જડતા તૂટી છે. બનારસ, અયોધ્યા, ઉજ્જૈન જેવા તીર્થોના આધુનિકીકરણે મોટાપાયે તીર્થયાત્રીઓને આકર્ષિત કર્યા છે. ઉત્તર પ્રદેશના પર્યટન વિભાગ અનુસાર ૨૦૨૩માં ઉત્તર પ્રદેશમાં ૪૮ કરોડ પર્યટક આવ્યા.

# કારમો ઘા- સંગીતા દત્તાણી

દિવાળીનાં દિવસો નજીક આવી રહ્યા હતા. સાફ-સફાઈ ચાલુ જ હતી. હવે ફક્ત આઠ દિવસ જ બાકીરહ્યા હતા. એમાં નાસ્તો પણ બનાવવાનોહતો. ચંદ્રિકા મનમાં ને મનમાં વિચારતી હતી કે આટલું બહોળુંસંયુક્ત કુટુંબઅને કરવાવાળી પોતે એકલી. વળી આઠમો મહિનો જતો હતો કેમ કરીને તે પહોંચી વળશે! બંને દેરાણીઓ તો કામે જતી રહે. બે નણંદો પણ ગામમાં જ હતી. ઘરનાં દરેકની ખાસિયતનો ખ્યાલ પણ કરવાનો "ચાલો હશે મારો વા'લો છે ને! એ જ મારી લાજ રાખશે."

ચંદ્રિકાનાં સાસુ હંમેશા ઘૂઘરાથી જ નાસ્તાની શરૂઆત કરતાં. મઠિયાં, ફરસીપૂરી, મોહનથાળ,ઘારી વગેરે આનંદથી સાસુજીની મદદથી બનાવી લીધાં.

આજે વાઘબારસનો થોડો આરામ થશે એમ માનીને ચંદ્રિકા જરા આડી પડી.?અસહ્ય થાક વર્તાતો હતો, પણ સાસુજીને કહી શકતી નહોતી. સાસુ મંગલાબહેન પણ વહુની અઘરણીથી જ્ઞાત જ હતાં એટલે તેને ચા આપી આવ્યાં. અવારનવાર ચંદ્રિકાને મીઠી ટકોર પણ કરતાં અને ચંદ્રિકા તેનો પ્રેમથી અમલ પણ કરતી.

બીજે દિવસે ધનતેરસ હોવાથી સૌએ વહેલાં ઊઠીને પરંપરાગત સારું ચોઘડિયું જોઈને ધનની પૂજા, લક્ષ્મીપૂજન વગેરે કરી લીધાં. દેરાણીઓએ પણ અઠવાડિયાની રજા લીધી હોવાથી ચંદ્રિકાને સહાયરૂપ થતી. બંને દેરાણીને ઘરે એક એક દીકરો હતો.

ચંદ્રિકાને ઘણી બાધા -આખડીઓ રાખ્યાં પછી સારા દિવસો આવ્યાં હતાં અને ઘરનાં બધાં તેને બનતો સાથ આપતાં હતાં.

કાળી ચૌદસને દિવસે સવારથી જ નૈવેદ્ય માટેની સામગ્રીઓ તૈયાર કરવામાં આવી રહી હતી. બરાબર સાંજે સાત વાગે નૈવેદ્ય ધરાવવાની તૈયારીમાં હતાં ત્યાં જ ચંદ્રિકાને અચાનક પેટમાં દુ:ખાવો શરૂ થયો અને તેને હોસ્પિટલમાં જવું પડ્યું. સાથે તેનાં પતિ પણ હતા.

હોસ્પિટલમાં જઈ બધી તપાસ કરતાં ડૉક્ટરે કહ્યું , "તાત્કાલિક ડિલિવરી કરાવવી પડશે અને જો તેમ નહીં કરીએ તો માતા અને બાળકને બંનેનાં જીવને જોખમ છે."




ચંદ્રિકાએ જ હકારમાં જવાબ આપ્યો અને તૈયારીઓ શરૂ થઈ. ચંદ્રિકાનાં પતિ વૈભવે તરત જ ફોન કરીને ઘરે હકીકત જણાવી. નૈવેદ્યની વિધિ તો પૂરી થઈ ચૂકી હતી અને બધાં જમવા પણ બેસી ગયાં હતાં. સમાચાર સાંભળીને બધાં ગભરાઈ ગયાં. મંગલાબહેન પ્રસાદ લઈને જ ઊભાં થઈ ગયાં અને હોસ્પિટલમાં જવા તૈયાર થઈ ગયાં. બંને વહુઓને સૂચના આપી કે જમી પરવારીને ચંદ્રિકા માટે તેઓ પ્રાર્થના કરે. મંગલાબહેન પતિ મથુરભાઈ સાથે ગાડીમાં હોસ્પિટલ પહોંચ્યાં. વૈભવને ત્યાં જ બહાર બેઠેલો જોઈને મંગળાબહેન તેની સામે પ્રશ્નાર્થ નજરે જોઈ રહ્યાં.

"બા ઓપરેશન કરવું પડ્યું. ચંદ્રિકાને જરાય સારું નથી." ગળગળા અવાજે વૈભવ બોલ્યો.

"બેટા, સૌ સારાં વાનાં થશે. ચિંતા ન કર, ઉપરવાળો બેઠો છે. હજી સુધી મારી લાજ રાખી છે તો આજે પણ રાખશે."

બધાંની નજર વારંવાર ઓપરેશન થિયેટરની ઝબકતી લાલબત્તી પર જ હતી. ત્રણ કલાકની મહેનત બાદ સર્જન ઓપરેશન થિયેટરમાંથી બહાર નીકળ્યા અને સમાચાર આપ્યા, "ચંદ્રિકાબહેનને બચાવી લીધાં છે પણ તેનાં પુત્રને અમે બચાવી શક્યાં નથી."

"જેવી ઈશ્વરની ઈચ્છા" કહી મંગળાબહેને પુત્રને આશ્વાસન આપ્યું. ચંદ્રિકા આ કારમો ઘા કેમ કરીને ઝીલશે તે વિચારથી તેઓ જરા અસ્વસ્થ થઈ ગયાં પરંતુ પોતે તેને આશ્વાસન આપીને તેનું મનોબળ મજબૂત કરવા માટે આકાશ- પાતાળ એક કરશે એમ વિચારીને તેઓ ચંદ્રિકાનાં રૂમમાં ગયાં.

ચંદ્રિકા હજી બેભાન અવસ્થામાં જ હતી. બે કલાક પછી ભાન આવતાં સાસુ, સસરાને સામે જોઈને વિચારમાં પડી.

બે દિવસ બાદ ડિસ્ચાર્જ લઈને ઘરે આવ્યાં, પરંતુ ચંદ્રિકાને પોતાની જિંદગી જીવવા જેવી લાગતી ન હતી. બધાં તેને સમજાવવા માટે પ્રયત્નો કરતાં પણ કેમેય કરીને કળ વળતી ન હતી. આ કારમો ઘા તે જીરવી શકે તેમ જ નહોતી. લાભપાંચમની સવારે તેણે નિદ્રાવસ્થામાં જ પ્રાણ ત્યજી દીધાં.

હું સંગીતા દત્તાણી બાંહેધરી આપું છું કે આ મારી સ્વરચિત અને અપ્રકાશિત રચના છે.
સંગીતા દત્તાણી

# ડીગ્રી ડીગ્રી કર જગ મુઆ ગ્રેજયુએટ હુઆ ન કોઇ!!

ગાંધીજી ચુંબક સમાન છે. ગાંધીજીની ચુંબકીય બળથી પ્રસંશકો, વિરોધીઓ, તટસ્થ વગેરે અદમ્ય આકર્ષણથી તેમના તરફ ખેંચાઇ આવે છે. જેમ ખીલી, બ્લેડ લોહચુંબકને ચોંટી જાય છે. તમને તમારા પરદાદા કે પરદાદાના દાદાનું નામ યાદ નહીં હોય! આ વાત હું દાવા( લેખકના દાવા ફાઉન્ટેન પેનથી લખાયેલ શબ્દો જેવા સાશ્વત હોય છે. જેના પર પાણીનું ટપકું પડે અને શબ્દો અસ્તિત્વ લોપ કરીને કાગળ પર ફેલાઇ જાય છે!!) સાથે કહેવા તૈયાર છું અલબત, ચુંબક પિતળ કે પ્લાસ્ટિકને આકર્ષી શકતું નથી એ વાત અલગ છે.

કેટલાક સ્વઘોષિત મહાત્માઓને ગાંધીજી આંખમાં પડેલા કણાની જેમ ખુંચે છે. ખુદ શેકેલો કે શેક્યા વગરનો પાપડ ભાંગવા માટે સમર્થ નથી અને ગાંધીજીએ શસ્ત્રો વિના કેવળ સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોથી અંગ્રેજો પાસેથી આઝાદી કેવી રીતે મેળવી એ હજુ પણ શીરાના કોળિયાની જેમ ગળે ઊતરતું નથી. બલ્કે,માછલીના કાંટાની જેમ ગળામાં ફસાયું છે. સાપે છંછૂદર ગળ્યા જેવું સેમ ટુ સેમ છે. છંછૂદર ગળે ઉતારે તો સાપ મરી જાય અને છંછૂદર બહાર કાઢે તો સાપ આંધળો થઇ જાય. ગાંધીજી જેવો ચમત્કાર હજારો વરસો પછી પણ કોઇ કરી શકે તેવી ક્ષિતિજે સંભાવના દ્રષ્ટિગોચર થતી નથી.ગાંધીજીની ઈર્ષા કરનાર પાસે પ્રજાને સંમોહિત કરી શકે તેવું કરિશ્મેટિક નામ નથી. જે નામને સહારે તરવા માંગે છે એ બેશક બુલબુલની પાંખ પર સવાર થઇ વિશ્વ ભ્રમણ કરી શકે છે.એનાથી સવિશેષ કોઇ ઉપલબ્ધિ કે સિધ્ધિ નથી!! ઓમ ધબાય નમ:!!

ગાંધીજી ખેલદિલીથી ભરપૂર હતા. જે અંગ્રેજ સામ્રાજ્ય સામે લડતા હતા તે અંગ્રેજોની ક્રિકેટ ટીમના સતરમા ખેલાડી તરીકે ખુદનું નામ લખી સહી કરી હતી. નાનપણમાં બીડી પીવા, માંસ ખાવા, ચોરી જેવા સ્ખલનો એક પણ શબ્દની બાદબાકી કર્યા સિવાય લખ્યા હતા. જ્યારે આપણે ??? વાત કરવા જેવી નથી!

મેરિકન બાપ્ટિસ્ટ પ્રધાન અને કાર્યકર્તા માર્ટિન લુથર કિંગ જુનિયર, ખ્રિસ્તી સિદ્ધાંતો અને ગાંધીવાદી ફિલસૂફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવતા હતા. તેઓએ દાયકાઓ સુધી ચાલેલા લાંબા આંદોલનનું નેતૃત્વ કર્યું હતું.પ્રેમથી 'ફ્રન્ટિયર ગાંધી' તરીકે ખ્યાતિ ધરાવનાર અબ્દુલ ગફાર ખાન માત્ર ગાંધીથી ખૂબ જ પ્રભાવિત ન હતા પરંતુ સ્વતંત્રતા આંદોલન સમયે તેમના નજીકના સહયોગીઓમાંના એક હતા. દલાઈ લામાએ વર્ષ ૧૯૫૬માં નવી દિલ્હીની પ્રથમવાર મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓ સૌપ્રથમ મહાત્મા ગાંધીજીના સ્મશાનઘાટ એટલે કે રાજઘાટની મુલાકાત લીધી હતી. આ પ્રકરણ અંગે દલાઈ લામાએ પોતાના એક લેખમાં લખ્યું છે કે,''જ્યારે હું ત્યાં ઊભો હતો ત્યારે મને આશ્ચર્ય થયું કે જો મહાત્મા જીવતા હોત તો મને શું સમજદાર સલાહ આપત?

આપણે ત્યાં ઘર કી મુર્ગી દાલ બરાબર એમ કહેવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણનાં સમકાલીન એવા શિશુપાલ, દુર્યોધન ,જરાસંઘ,કંસ વગેરે કૃષ્ણને વિષ્ણુના અવતાર માનવા તૈયાર ન હતા. આ બધા લોકો કૃષ્ણને ગમાર, ગામડિયો , ગોવાળિયો માનતા હતા. કેમ કે, તે બધા અલ્પબુદ્ધિ અને ગમાર હતા!! વિરાટ તેજને આત્મસાત કરવાની તેમનામાં ક્ષમતા ન હતી. આવું જ ગાંધીજી સાથે ઘટે છે. કેટલાકને ગાંધીજીના નામ સાથે જ વાંધો હતો. ગાંધીજી સાથે કયા ભવની દુશ્મની હતી એ શૈતાન જાણે!!

ગાંધીજીને ભાંડનારા આ દુનિયામાં ઓછા નથી. એક ઢુંઢો હજાર મિલતે હૈ. કયું કિ હર શાખ પે ઉલ્લુ બેઠે હૈ!! બધા કાલિદાસ કવિ જેવા છે. પોતે જે ડાળ પર બેઠા હોય તેના પર કુહાડી મારતા હોય છે!!

"શરણાઈના સૂરો કોઇ માનુનીની સાડીના પાલવની જેમ રેલાઈ રહ્યા છે. મિલિટરી ઓફિસરની ચહલપહલ તેજ થઇ રહી છે. લોર્ડ માઇન્ટબેટન બગીમાં સવાર થઇને સમારોહમાં તશરીફ લાવી રહ્યા છે. એકવીસ તોપની સલામી, તાળીઓના ગડગડાટ વચ્ચે સુભાષચંદ્ર બોઝ તેજસ્વી મુખમુદ્રા અને પ્રભાવશાળી ચાલે મંચ પર આવી રહ્યા છે. આઝાદ ભારતની ગૌરવાન્વિત અને ઐતિહાસિક ક્ષણોને દેશી-વિદેશી કેમેરામેન કેમેરામાં ઝીલી રહ્યા છે. લોર્ડ માઉન્ટબેટન સુભાષબાબુને દેશના પ્રથમ પ્રધાનમંત્રીના શપથ લેવડાવી રહ્યા છે. ત્યાં એક વૃધ્ધ લાકડી લઇને આવે છે અને શપથ અટકાવે છે! કબાબમાં હડી.''

આ અમારી કલ્પના નથી. રાજસ્થાનના બકવાસભૂષણ, થનગનાટભૂષણ અને બુધ્ધિના બળદ એવા નરેન્દ્રકુમારની ઘટિયા કલ્પના છે.

રાષ્ટ્રના પર્તિનિઘિને વરણાગી વસ્ત્રોનો વિલાસ પોષાય નહીં એ સત્ય મહાત્માને સમજાયેલું . જે સત્ય કેટલાક ગીધ અને ઘુવડને આજે પણ સમજાતું નથી કે ડાયજેસ્ટ થતું ન હોય તેમ એક નૂર ટાપટીપ લાખ નૂર કપડાંને આત્મસાત કરી તરેહ તરેહના વસ્ત્રો ધારણ કરી મુઠી વેંત ઉંચા હોવાની વંચનામાં રાચે છે!! એમની મુલાકાત સમયે ગરીબોની વસ્તી પર કપડાંના આવરણો લગાવવામાં આવે છે. ગરીબ કલ્યાણની વાતોના વડા અને ગરીબોનો હાડેહાડ તિરસ્કાર એ આજના રાજકારણની તાસીર અને તસ્વીર છે!!નવા લોકો સવાયા અંગ્રેજો પુરવાર થયા છે!!

ગાંધીજીના નામે રસ્તા, મહોલ્લા,નગર,એરપોર્ટ, સંસ્થાનો સહન થતા નથી. ગાંધીજી હાડમાંસ ચામના માણસ હતા . એમણે ભૂલે કરી હશે. એ ભૂલો બદઈરાદાથી કયાં કરી છે!! વિચારધારાનો વિરોધ વિચાર થકી હોય!!પરંતુ, મુખ મેં રામ ઔર બંગલ મેં છૂરી મુજબ ચરણ સ્પર્શ કરવાનો અભિનય કરી ગાંધીજીની સ્થૂળદેહે હાજરી મિટાવી શકાય પણ સૂક્ષ્મ હાજરી મિટાને સે ભી મિટ શકતી નહી. ડોન ફિલ્મના અમર ડાયલોગ જેવું મુમકીન નહીં નામુમકીન હૈ. ગાંધીજી અજાતશત્રુ હતા. એમને સતાલાલસા સ્પર્શેલી નહી. ગંગા જેવા પવિત્ર આદમીની હત્યાને ગાધીવધમાં ખપાવવાનું ખેપાનીઓએ બીડું ઝડપ્યું છે અને તેમાં સફળ પણ થયા છે!!

કેટલાક લોકોને સત્ય અને અહિંસાના અમોઘ હથિયારથી આઝાદી મળી શકે તે યુનિવર્સલ ટ્રુથ હજમ થતું નથી. ગાંધીજી પ્રભાવહીન હતા તેમ બબુચકો માને છે. કેમ કે,બાપુ બુલબુલની પાંખ પર બેસીને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા ન હતા!! કેટલાક લલ્લુઓ કોઇની કદમબોસી કરીને કે તલવા ચાટીને ગવર્નર કે લેફ્ટનન્ટ ગવર્નર બંને છે. પરંતુ, હોદાની ગરિમા જાળવી શકતા નથી. ગાંધીદ્વેશીઓ માયોપિયાથી પીડાય છે!!આવા લલ્લુઓ ગાંધીજીને જાણ્યા વિના અનાપશનાપ બોલે છે!! કેમ કે, ફેંકને મેં કયાં હર્જ હે??

આવા જ એક બકવાસ ભૂષણે ગાંધીજીની કાયદાની ડીગ્રી વિશે તાજેતરમાં બખાળો કર્યો. ગુરુવારે આઇટીએમ ગ્વાલિયર ખાતે ડૉ. રામ મનોહર લોહિયાની સ્મૃતિમાં આયોજિત લેક્ચરમાં સંબોધન કરતી વખતે મનોજ સિંહાએ ગાંધીજીની શૈક્ષણિક પાત્રતા અંગે ટિપ્પણી કરી હતી. સિંહાએ જણાવ્યું હતું કે 'શું તમે જાણો છો કે તેમની (ગાંધીજી) પાસે એક પણ યુનિવર્સિટી ડિગ્રી નહોતી? આપણામાંના અનેક લોકો માને છે કે મહાત્મા ગાંધી પાસે લોની ડિગ્રી હતી. ના, એમની પાસે નહોતી. એમની એકમાત્ર શૈક્ષણિક પાત્રતા એ હતી કે તેમની પાસે હાઈસ્કૂલ ડિપ્લોમા હતો. વકીલાત કરવા માટે તેમણે પાત્રતા મેળવી હતી. તેમની પાસે લોની કોઈ ડિગ્રી નહોતી.લો કર લે બાત .સહ બાત હજમ નહી હુઇ ગવન્ડર સાબ!!

મહાત્મા ગાંધીજીએ બે મેટ્રિક પરીક્ષા પાસ કરી હતી. એક હતી રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી અને બીજી હતી એને સમકક્ષ લંડનની બ્રિટિશ મેટ્રિક્યુલેશન. ત્યાર બાદ લંડન યુનિવર્સિટી સાથે સંલગ્ન ઈનર ટેમ્પલ નામની લો કૉલેજમાંથી કાયદા અભ્યાસની પદવી – લો ડિગ્રીનો અભ્યાસ કરી પરીક્ષા પાસ કરી હતી. સાથે સાથે લેટિન અને ફ્રેંચમાં બે ડિપ્લોમાં પણ મેળવ્યા હતા.!!તેવું ઇતિહાસ કહે છે!!અમને આ વાતમાં દમ લાગતો નથી. અમને બાપુ બાળમંદિરની પગથિયા ચડ્યા હતા કે કેમ શંકા છે!!! કેમ કે, બાપુએ કદી ટવિન્કલ લિટલ સ્ટાર કે રેઇન રેઇન ગો અવે જેવું ગાયું હોવાનું સત્યના પ્રયોગ કે ગાંધીજીના અક્ષર દેહમાં ઉલ્લેખ નથી. પોરબંદરના બાલમંદિરોના એડમિશન રજિસ્ટરમાં પ્રવેશ મેળવ્યાની નોંધ નથી. બાપુ શાળાના પગથિયા ચડ્યા હતા કે તે નિશે પણ વાજબી શંકા છે!!

મહાત્મા પહેલા એમએ થયા હશે અને પછી બીએ થયા હશે તેવું અનુમાન છે!! મોટા સાહેબની ડીગ્રી વિવાદની એરણે ચડી છે. કેમ કે, મોટી અદાલતે સાહેબી ડિગ્રીની નકલની માહિતી ન આપનાર યુનિવર્સિટીને દંડ કરવાને બદલે ચોર કોટવાળને દંડે તેમ અરજદારની ઝાટકણી કાઢીને પચીસ હજારનો દંડ કરી નાંખ્યો. પખાલીને વાંકે મશકને દંડ થયો છે. કીડીને કોશનો ડામ આપી દીધો!! મહાત્મા ગાંધીજીની તથાકથિત લો ડીગ્રીની માહિતી આરટીઆઇ કરીને માંગી લો. આ માહિતી મળી જશે જ,કેમ કે,આ માહિતી માંગનારને દંડ થશે નહીં!! કેમ કે, એ મહાત્માની માહિતી છે. મોટા સાહેબની ગુપ્તતમ માહિતી માંગવાની ઝુરરત કરવી નહીં!!!નહિતર જોયા જેવી થશે.પાસા, એનએસએ, મકોકા, યૂપીએ કે ગુજસી ટોક કાયદા હેઠળ જેલમાં ચક્કી પીસવાની મજા પડશે!!યદેશમાં સાહેબના ગુણગાન કે મહિમા મંડન કરતી માહિતી મેળવવી જોઇએ!!! કોઇ પણ જાતની ફી વગર થોકબંધ મળશે!!!ડીગ્રીમાં ગરબડ હોવા છતાં સાહેબે રાષ્ટ્રનું નિર્માણ કર્યુ કે નહીં?? અનિલ અંબાણી પાસે ડિગ્રીઓની ભરમાર છે. અનિલ અંબાણીએ શું ઉકાળ્યું? કંકોડા ? લાખના બસો કર્યા!!સાહેબની ડીગ્રી તો ગંગા જમુના તહેઝીબ જેવી પવિત્ર છે,આંબે ઝમઝમ છે!!સાબેબની ડીગ્રી તો ચોવીસ કેરેટના હોલમાર્ક સોના સમાન છે!! બાકી વિદેશના નેતા દારૂએ ધોયેલા નથી!!( હિન્દુસ્તાનમાં દૂધે ધોવાનો રિવાજ છે, વિદેશોમાં દારૂએ ધોવાનો રિવાજ હશે!! જેવા દેશ એવા રિવાજ!!) અમેરિકાના પ્રથમ પ્રમુખ સાહેબની જેમ અલ્પશિક્ષિત હતા. પોતાના કારનામાથી દુનિયાને થરથર ધ્રુજવનારા હિટલર અને સ્ટાલિન કોલેજનુ પગથિયું સુધ્ધાં ચડેલા નહીં.પેરુંના પૂર્વ પ્રમુખ પેદ્રો પાબ્લોની ઈકોનોમિકસ અને પોલીટીકલની ડીગ્રી જાલી હોવાની કાનાફૂસી છે. શ્રીલંકન પૂર્વ પ્રમુખ રાજપક્ષાની લો ડીગ્રી અંગે વિવાદ હતો.ફ્રાંસના પૂર્વ પ્રમુખ અને પરસ્ત્રીગમનના શોખીન એવા બર્લુસ્કોનીની લો ડીગ્રી ફરેબી કે નકલી હતી. આ યાદીમાં ઇટાલીના પૂર્વ પ્રમુખ ગિસિપ કોન્ટે,યુરોપિયન કમિશનના પૂર્વ પ્રમુખ જોસ મેન્યુઅલ બેરોસા,ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન જોસેફ લિયોન્સ વગેરેની ડીગ્રી વિવાદાસ્પદ છે. કેટલાય પ્રમુખ-વડાપ્રધાનો અધવચ્ચે કોલેજ છોડી ગયેલા.એન્ડ્રુઝ જહોન્સન અમેરિકાની પ્રમુખ કોલેજના પગથિયા ચડ્યા ન હતી! આ યાદી મોટી છે!!! એટલે ડીગ્રીનો વિવાદ વસુધૈવ કુટુંબકમ છે. ડીગ્રી ડીગ્રી કર જગમુઆ ગ્રેજયુએટ હુઆ ન કોઇ!!

**ભરત વૈષ્ણવ**

# ભક્તો માટે દર્શન માટે મુકવામાં આવનારી ચાદીની પાદુકાને અયોધ્યા સ્થિત રામમંદિરમાં પુજા-અર્ચના માટે મોકલાવાઈ

ચાલુ વર્ષે વિશ્વ હિન્દુ પરિષદ પાટણ નગરના નેજા હેઠળ સૌ પ્રથમવાર નીકળનારી રામનવમીની ભગવાન શ્રીરામચંદ્રજીની ૩૭ મી ભવ્ય શોભાયાત્રામાં અયોધ્યા રામ મંદિરમા સ્થાપિત કરવામાં આવેલ કાળા પથ્થરમાથી તૈયાર કરાયેલ ફક્ત ભગવાન શ્રી રામચંદ્રજી પ્રતિમાની હુબહુ પ્રતિમા રાજસ્થાનના કારીગરો દ્વારા ૨૦૦ કિલો વજનના કાળા પથ્થર માથી રૂ. સવા લાખના અંદાજીત ખર્ચે તૈયાર કરવામા આવી રહી છે. સાથે સાથે પાટણના કારીગર દ્વારા ભગવાન રામચંદ્રજીની સવા પાંચસો ગ્રામ વજનની ચાદીની પાદુકા પણ તૈયાર કરી તે પાદુકાને અયોધ્યા સ્થિત રામમંદિરમાં દસ દિવસ સુધી પુજા અર્ચના કરી તે પાદુકા ને પણ પાટણ ખાતે ની ભગવાન રામચંદ્રજી ની શોભાયાત્રામાં ચાંદી ઝડીત રથમાં



બિરાજમાન કરી નગરચર્યા રૂપે રથયાત્રા નીકળનાર હોવાનું વિશ્વ હિન્દુ પરિષદ પાટણ નગરના આયોજકોએ જણાવ્યું હતું.બુધવારે સવારે પાટણ શહેર માંથી પાટણ ના કારીગરો દ્વારા તૈયાર કરેલ ચાંદીની પાદુકાનું પૂજન અર્ચન કરવા માટે અયોધ્યા લઈ જવામાં આવી છે .અયોધ્યા ખાતે શ્રી રામની ચાંદીની પાદુકાનું પૂજન અર્ચન કરી પાટણ લાવવામાં આવશે અને ભક્તો શ્રી રામ ની રથયાત્રા ના દિવસે ચાંદી ની પાદુકાના દર્શન કરશે.પાટણની પૂણ્યધરા ઉપર છીડીયા દરવાજા સ્થિત ગામતળ રામજી મંદિર ખાતેથી મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામચંદ્રજીના પ્રાગટ્ય દિવસ નિમિત્તે યોજાનારી રામનવમીની ૩૭ મી રથયાત્રા ચાલુ સાલે વિશ્વ હિન્દુ પરિષદ પાટણ નગર દ્વારા નીકળનાર હોય જેને લઈને હાલમાં વિશ્વ હિન્દુ પરિષદ પાટણ નગરના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.ભગવાન શ્રીરામ અયોધ્યામાં બિરાજમાન થયા પછી આ પ્રથમ શ્રી રામનવમી શોભાયાત્રા પાટણ નગરમાં વિશ્વ હિન્દુ પરિષદના નેજા હેઠળ પ્રથમવાર ભવ્યવતી ભવ્ય શોભાયાત્રા જ્યારે નીકળવાની છે જેમાં વિશેષતા રૂપે આ વર્ષે આપણા નગરના કારીગરો દ્વારા બનાવેલી ચાંદીની ચરણ પાદુકા વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ તેમજ વિશેષ સંપર્ક પ્રમુખ કેડી મહાજન અયોધ્યા ખાતે ચરણ પાદુકા લઈને જઈ રહ્યા છે

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOS SS NO.: 0101**
વિષય : મનની મોકળાશ
પ્રકાર : ગદ્ય   શબ્દઃ ૩૪૮
શીર્ષક : દિલની વાત.
લેખક : ભરત સાંગાણી

મનની મોકળાશ તો સકારાત્મક જીવન જીવતાં સંતોષી નરમાં, બાળકની નિર્દોષતામાં, સુખ દુઃખ પ્રત્યે સાક્ષી ભાવથી જોનારનાં ઉદગારમાં સંભવી શકે. સાંપ્રત સમયમાં સમાજ જીવનમાં જ જ્યાં મોકળાશ નથી, ત્યાં મનની મોકળાશ તો દુર્લભ છે.
મનને જોખે એ સાચો વાણિયો. મનને તોળનારો માનવ પ્રાણી માટે મનમાં બજાર છે, મન ખરીદનાર છે, મનમાં જ લેણદેણ છે. આ જે કંઈ છે એ મનને કારણે છે. તેથી ગીતામાં કહ્યું છે કેઃ
"મન એવ મનુષ્યાણામ્ કારણં  બંધમોક્ષયોઃ"
આ મન મોટું કે મનમાં નિવાસ કરે છે એ હરિ મોટા? રામ મોટા કે રામને જાણનાર મોટો? મનની મોકળાશ વિષય પણ આવા જ આંદોલન ઉત્તપન્ન કરે છે કે મોકળા મનથી વાત કરનારો મોટો કે તેના મોકળાપણા વિષે લખનારો મોટો? મોકળા મને મનની મોકળાશની વાત કરીએ. મનની મોકળાશથી તો કબીર, મીરાં કે નરસિંહ વાત કરી શકે.
કબીર 'કાસીકા જોસેહા' બ્રાહ્મણને સંબોધીને કહી શકે છેઃ "મારી જીભે વિષ્ણુ છે, નયનમાં નારાયણ છે, હૃદયમાં ગોવિંદ વસે છે. તું તો જ્યારે જમ દરવાજે આવીને ઊભા રહે ત્યારે જ મુકુંદનાં નામનું રટણ કરે છે." અને મુલ્લાને કહી શકે કેઃ "તું મસ્જિદમાં બાંગ પુકારે છે તે શું મારો સાહેબ(ખુદા) બહેરો છે? કીડીના પગમાં બાંધેલું ઝાંઝર પણ મારાં સાહેબને સંભળાય છે."
મીરાં જ કહી શકે કે "મેરો તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ." મીરાં જેવી મનની મોકળાશ ધરાવતી સ્ત્રી જ ઝેરનાં પ્યાલાને પ્રેમરસનાં જામમાં પલટાવી શકે. તેથી જ તેણે ગાયું છેઃ
"ઝેર તો પીધાં છે જાણી જાણી.
મેવાડ રાણા, નથી રે પીધાં એ અજાણી રે!"
મોહ માયા જેને વ્યાપે નહીં એ જ મનને મોકળાશથી અભિવ્યક્ત કરી શકે. નરસિંહ ઈન્દ્રિયાતીત બ્રહ્મ તત્ત્વને બહુ સરલભાષમાં કહી શકેઃ
"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપ અનંત ભાસે"
સંપૂર્ણ કૃષ્ણમય આ કવિ મોકળાશથી ગાય ઉઠે છેઃ
"ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી,
સોળ સહસ્ત્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી."
મનની મોકળાશ એ જ અનુભવી શકે, મોકળાશથી બોલી શકે, વ્યક્ત કરી શકે, જેનું હૃદય નિર્મળ છે, સર્વ પ્રત્યે પ્રેમભાવ છે, રાગ દ્વેષનો જેનામાં અણસાર સુધ્ધાં નથી. મનોજ ખંડેરિયાની ગઝલના બોલ સાથે મારાં મનની મોકળાશ મુકુંઃ
"મને સદભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**
વિષયઃ "મન ની મોકળાશ"   શીર્ષકઃ"મન ની મોકળાશ જીવન થી અંત સુધી".   પ્રકારઃગધ્ય.
શબ્દોઃ૩૩૪   લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.અમદાવાદ.
સારું જીવન જીવવાં માટે મન ની મોકળાશ જરુરી છે.અને તે આપવાં ની અને લેવાંની બે'ય બાજુ હોવી જોઈએ.
આપણાં બાળક ને આપણે મન ની મોકળાશ આપી જ નથી.
આજનાં દરેક મા-બાપ જે પોતે નાનાં હતાં ને ના કરી શકયાં તે બધું જ પોતાનાં દિકરાં- દિકરી પાસે કરાવવાં માંગે છે.તેઓને તેડુંલકર જેવો ક્રિકેટર,પ્રકાશ પ્રદુકોણ  જેવો ટેનીશ પ્લેયર,ધ્યાનચંદ જેવો હોકી પ્લેયર,રોનાલ્ડો જેવો ફુટબોલ પ્લેયર બધું જ એક માં જ જોઈએ છે.પાછું તેને ટેબલટેનીશ ,કેરમ,ચેશ તો આવડવી જ જોઈએ.ભણવામાં નં. ૧ જ જોઈએ. (પછી ભલે ને તેડુંલકર સ્કુલ માં એક વર્ષ ફેઈલ થયો હોય).
આ સોનાનાં પીંજરા માં રહેલ પોપટને પોતાની જિંદગી જેવું ખરું?મશીન જેવી જિંદગી જીવતાં આવાં બાળકોને માનવ કોણ બનાવશે.જે માતા-પિતાઓએ પોતાનાં બાળકોને દાદા દાદી ,મિત્રો, સમાજ માટે સમય જ રાખ્યો નથી.   તમે તે લોકો નું બાળપણ વેડફ્યું છે તે કદી તમને માફ નહીં કરે.   મને નથી લાગતું કે આમાં નો કોઈપણ શોખ તમારી કેરીયર બનાવવા માં કામ લાગે.મેં કે મારાં દિકરાં એ આમાનાં કોઈ શોખ ભોગવ્યા નથી.છતાં પણ તેઓ તેમની કારકિર્દી ના સર્વોચ્ચ શિખરે છે.
દિકરો ૧૮ વર્ષ નો બાળક માંથી પુખ્ત થાય તે પહેલાં તેને સમજાવી દેવું જોઈએ કે આ વસ્તુ સારી છે અને આ વસ્તુ ખરાબ છે.પુખ્ત થાય પછી તેને મન ની મોકળાશ આપો કે તેનાં માટે સારું શું અને ખરાબ શું?તેને કોમ્પ્યુટર એન્જીનીયર બનવું હોય ને તેને તમે ડોક્ટર બનાવવાં માંગો છો.એને ડોક્ટર બનવું હોય ને તમે તેને સી.એ.બનાવવાં માંગો છો.આમા બાવા નાં બે'ય બગડે છે.
પુરુષ વૃધ્ધ થાય પછી તેને તે ઈચ્છે તે પ્રમાણે જીવવાં દો.આખી જિંદગી તમારાં કુટુંબ ને ઊંચુ લાવવાં માટે કાઢી પણ તે પોતે તો તેની જિંદગી જીવી જ નથી શક્યો.તેમને મન ની મોકળાશ થી જીવવાં દેશો તો તેમની પાછલી જિંદગી સુધરી જશે.
મા-બાપ ,પુત્ર-પુત્રી અને પતિ-પત્ની બંન્ને ને એકબીજાં ની ઈચ્છા પ્રમાણે જીવવાં દેશો, તેમનાં મન ને મોકળાશ અનુભવવાં દેશો તો તેઓ જિંદગી માં હળવાશ અનુભવશે અને તેમનું મન ખોટું વિચાર્યા વગર નવરાશ અનુભવશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 181**
વિષય :  મન ની મોકળાશ
શિર્ષક : " મન ક્યાં કરે મોકળું"
પ્રકાર : પદ્ય - શબ્દો :૯૯
લેખન : સુરમી બધેકા- કૌસુમી ??

ક્યાં કરું મન મોકળું , મન સમાજનું છે બહુ સાંકડું,
સ્ત્રી થઈને લીધો છે જનમ, એ વિચારે મોઢું કરે વાંકડુ,
દિકરી એટલે ભાર ઘણો, હોઈ એટલે રાખવી પડે બહુ સાચવી,
ક્યાં રમે બંધબારણે આકાશ પણ નથી મળતું મોકળું ...

મન સમાજનું બહુ સાંકડું, ક્યાં કરું મન મોકળું
શૉકેસનું છે બંધ બારણું,બસ જોઈ શકો એટલી જ આઝાદી
ઢીંગલીની  જેમ બોલ્યા કરે, ચાલે જ્યારે ચાવી લગાવાતી
બધા કામમાં હોય માહીર, કરે સન્માન બધાનું સહીને અપમાન સઘળું
વ્યવહાર, વ્યાપાર, સંબંધોનો ભાર ,બધાં જ નિયમોનું માળખું
મન સમાજનું બહુ સાંકડું, ક્યાં કરું મન મોકળું

કૌસુમી?? બની કહું મૌનની કહાની, શબ્દોમાં મળે લાગણીઓનું ગૂંચળું

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:**
વિષયઃ- મનની મોકળાશ
કૃતિઃ- પદ્ય
શિર્ષકઃ- મનની મોકળાશ

ચાલો મનની મોકળાશ રાખીએ.
સૌને આપણાં બનાવતાં રહીએ.

સ્નેહનાં ઝરણાં વહાવતાં રહીએ.
પ્રેમનાં મીઠાં બુંદો પામતાં રહીએ.

થાય કદી ભુલ તો તે માફ કરીએ.
મન મોટું હોઈ પ્રેમ પામતા રહીએ.

દુઃખીયાંનાં દુઃખો દુર કરી દઈએ.
આશિષ તેઓના પાંમતા રહીએ.

દુશ્મનોને દોસ્ત બનાવતા રહીએ.
દિલથી દુશ્મની ભુલાવતા રહીએ.

સુભાષ ઉપાધ્યાય ' મેહુલ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 163**
વિષય : " મનની મોકળાશ "
શીર્ષક : મિતાલી..શબ્દઃ૩૨૨
પ્રકાર : ગદ્ય વાર્તા
લેખકઃ શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી 'મૌની' વડોદરા

★મિતાલી..★

મિતાલી તેના પતિ મેહુલના ફોનની રાહ જોઈને બેઠી હતી, પણ ફોન ના આવ્યો.
એના મનમાં પશ્ચાતાપ થતો હતો, 'મારે મેહુલ જોડે ખોટી જીભાજોડીમાં ઉતરવાનું નહોતું. વારંવાર 'હું' આ ભૂલ કરીને દુઃખી થઉ છું અને એને પણ દુઃખી કરૂં છું.'
બસ,આજે તો એ આવે એટલે સૌથી પહેલી માફી માગી લઈશ, અને સગાંવહાલાઓ માટે કે કોઈનાય માટે ઝગડો નહીં જ કરૂં..એના પશ્ચાતાપ રૂપે એની આંખોમાંથી અશ્રુધારા વહી રહી હતી છતાંય પણ મનના એક ખૂણામાં ચૂભન હતી 'મારે મારું સંતાન નથી' ખુલ્લા મનથી એ બોલી નહોતી શકતી. મોકળા મને વાત પણ નહોતી  કરી શકતી અને ઝગડી પડતી.
એ ખાધા પીધા વગર જ બેઠી હતી.
લગભગ રાત્રે દસ વાગે એક એમ્બ્યુલન્સ આવી જેમાં મેહુલ  હતો. ડોરબેલ વાગતાં અનેક શંકા કુશંકાઓ સાથે મિતાલીએ
આભાર - નિહારીકા રવિયા  દરવાજો ખોલ્યો. સ્ટ્રેચરમાં મેહુલને જોતાં ગભરાઈ ગઈ.
બેડ ઉપર સુવાડ્યા પછી ડોક્ટરે કહ્યું, 'મેહુલને બપોરે કાર્ડિયાક એટેક આવતાં મારી હોસ્પિટલમાં લાવ્યા હતા. ઈમરજન્સી ટ્રીટમેન્ટ આપી છે પણ પેશન્ટ આપને મળવાની ઈચ્છા ધરાવતા હોવાથી ઘરે લાવ્યા છીએ, એમને કોઈ દુઃખ થાય એવી  વાત તમે ના કરશો. આવતી કાલે મળીશું.'
કહી ડોક્ટર નીકળી ગયા.

મિતાલી મેહુલને જોતાં ચોધાર આંસુએ રડી રહી હતી.
કાનની બૂટ પકડી એટલું જ બોલી મને માફ કરી દો, સામે મેહુલે પણ એનો હાથ પકડી લીધો..
મેહુલ મિતાલીને સંતાન નહીં હોવાથી બંને એકલા જ રહેતા હતા, નવરા પડે એટલે કોઈ પણ બાબતે  સગાંઓ માટે થઈ કે મિલકત માટે બંને હોંસાતૂંસી માં ઉતરી પડતા. આજે પણ એવું જ બન્યું જેની અસર મેહુલને થઈ.

મિતાલીએ ઈશ્વરની સાક્ષીએ મેહુલની માફી માંગી, અને ફરીથી આવી ક્ષુલ્લક બાબતો માટે જીભાજોડી નહીં કરવાનું વચન આપી વાંસાએ હાથ પસવારતી રહી.
★બંને સાથે બોલી ઉઠ્યા, " આપણે એક છીએ. તારા મારા સગાં એ આપણા જ છે.  આપણે એક દત્તક બાળક લઈ તેનું જીવન ઉજ્જવલ બનાવીશું'★ કહી બંને શાંતિથી સૂઈ ગયાં.

બીજા દિવસે સવારે ડોક્ટર આવ્યા,
આશ્ચર્ય સાથે બોલી ઉઠ્યા,'ચમત્કાર થઈ ગયો..કાર્ડીયોગ્રામ નોર્મલ છે,પણ હવે સાચવજો ભાઈ......
'હા સાહેબ' કહેતાં મેહુલ અને મિતાલી ગદગદિત થઈ ગયાં. 'હું' .. 'તમે'  'તારા સગાં-મારા સગાં.. બધો જ અહમ્ બળી ગયો હતો. ભૂલાય સમજાઈ ગઈ હતી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.:209**
વિષયઃ મનની મોકળાશ
શિર્ષક : મનમોજી મન
પ્રકારઃ પદ્ય. શબ્દોઃ ૧૦૩
લેખિકા : સુધા પુરોહિત
ગામઃ હોનોલુલુ ( હવાઈ અમેરિકા)

મનમોજી મન

રાખીને  મનમાં મોકળાશ,રહેવું નિજાનંદમાં
મનમાં હોય વ્યાધિ,આવે  ઉપાધી જીવનમાં
કરીને મનની વાત મિત્રને,રહો સદા આનંદમાં
મન હોય દુરસ્ત,તન તંદુરસ્ત રાખે આનંદમાં

કર સમાધાન સમસ્યાનું,રાખ મનમાં મોકળાશ
આજે હોય નઠારું લાગતું   કાલ સારું જીવનમાં
ન કહે કડવાં બોલ,થા મદદરૂપ સૌને જીવનમાં
ખુલ્લા  રાખ મનનાં દ્વાર,રહે મોકળાશ મનમાં

ભૂલવાં દોષ,કરવી  ભલાઈ ,શાંતિ આવે મનમાં
આવે સદવિચાર,થાય કામ સારા રહેવું આનંદમાં
હોય મોકળું મન,રચનાત્મક કામ થાય જીવનમાં
'સુધા' સમજી સાર,બનીને મનમોજી જીવે આનંદમાં

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**'NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય   શબ્દ -૧૦૪
વિષય : મનની મોકળાશ
પ્રેક્ષક : વિનોદ સોલંકી "મિત્ર"  લખતર.

જયાં મનની મોકળાશ હોય ત્યાં હદયના દ્વાર ખોલી નાખો,
જયાં અકળાવ  મૌન થી ત્યાં બેફામ બેવજહ બોલી નાખો.

ન્યાય એમ કહે છે કે પલડા ઊંચા નીચા ક્યાંય ચાલે નહી,
જયાં કાયમ પલડું નીચું રહેતું હોય તો બરાબર તોલી નાખો.

એવુ  કોને કહ્યું  છે  કે, જેવું હોય એવું, ચલાવી જ લેવું પડે,
જો કાયમ ડંખતું જ હોય તો એને માપ પ્રમાણે છોલી નાખો.

જો માને તો મનાવો  એને શામ  દામ ભેદનો  ઉપયોગ  કરીને,
એમ છતાં પણ ન માને તો એના છોતરા ઉખાડી  ફોલી નાખો.

" મિત્ર " એને જરૂર નથી તમારી સહાનુભુતિની, છો સંતાતો ફરે,
વાંદરા જેમ એક દિવસ,સહુ ભેગા થઈ ઘાવ એનો ઠોલી નાખો,

# બનાસ ડેરી, સણાદર ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો







બનાસકાંઠા જિલ્લાના દિયોદરના સણાદર ખાતે આવેલી બનાસ ડેરીમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ સંવાદ યોજાયો હતો. રાજયપાલશ્રીએ ડેરી ખાતે આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા પોટેટો પ્લાન્ટની મુલાકાત લઈ ડેરી વિશે જાણકારી મેળવી હતી. ભારતીય નવું વર્ષ - ચૈત્ર માસના પ્રારંભે શુભકામનાઓ આપી રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બનાસ ડેરીમાં મોટી સંખ્યામાં આવેલા પશુપાલકો અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માહિતી આપી પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો.

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આજે બનાસકાંઠા જિલ્લાના અનેક ખેડૂતો એકતા, સંગઠન અને સહકારિતાના ભાવ સાથે ખૂબ પ્રગતિ કરી રહ્યા છે અને ખૂબ આવક મેળવી રહ્યા છે, તે બનાસ ડેરીના માધ્યમથી ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં થયું છે. આજે જ્યારે દુનિયાની સૌથી મોટી સમસ્યા ગ્લોબલ વૉર્મિંગ છે, જેનાથી માનવજીવનને ખૂબ મોટું નુકશાન થઈ રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક ખેતીથી તેને નિવારી શકાય છે. ન્યુયોર્કની એક આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના ભારતના આંધ્રપ્રદેશના સંશોધનાત્મક અહેવાલ વિશે જણાવતાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદથી ખેતરોમાં ખૂબ મોટા પ્રમાણમાં પાણી ભરાઈ રહે છે. જેના કારણે જમીન અને પાકને ખૂબ મોટું નુકશાન થાય છે. આવા સમયે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોમાં ખૂબ જ ઓછું નુકશાન થાય છે, જયારે રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં નુકશાન થાય છે.રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી અંગેનો ભેદ સ્પષ્ટ કરી પ્રાકૃતિક ખેતીના ફાયદા અને મહત્વ ખૂબ સરળ ભાષામાં સમજાવ્યા હતા. ડીએપી અને યુરિયા જેવા રાસાયણિક ખાતરોના વપરાશથી જમીનની ઉપરનું પડ ખૂબ સખત બની જાય છે, જેથી પાણી જમીનમાં શોષાતું નથી અને ખેતરોમાં ભરાઈ રહે છે. જેને લીધે ખેતર બંજર અને બિન ઉપજાઉ બની જાય છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી કેન્સર સહિતના ગંભીર રોગોનો ખતરો રહે છે. જ્યારે પ્રાકૃતિક ખેતીથી પાણી જમીન પર ભરાઈ રહેવાને બદલે ઝડપથી શોષાઈ જાય છે અને જમીન મુલાયમ અને ફળદ્રુપ બને છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ખેતીલાયક જમીન અને ખેતીને જો બચાવવી હશે તો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને જીવામૃત બનાવવાની રીત સમજાવી લોકોને રાસાયણિક ખાતરોનો વપરાશ છોડી તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું.

બનાસ ડેરીના ચેરમેન અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઋષિતુલ્ય જીવન જીવતા રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, તેમણે ગામે ગામ પહોંચીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી માનવજીવનને સુરક્ષિત કરવાના અભિયાન સાથે જીવન પરિવર્તનનું મોટું કાર્ય કર્યું છે.

# પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ આજ રોજ અમરેલી જિલ્લા બૂથ પ્રમુખ સંમેલન યોજી કાર્યકર્તાઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું



**આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના હોય ત્યારે કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારે છે. – શ્રી સી.આર.પાટીલ**

**----**

**લોકસભાની ચૂંટણીમા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમા પાંચ લાખથી વધુની લીડ સાથે જીતીશું તેવો વિશ્વાસ છે. – શ્રી ભરતભાઇ સુતરીયા**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પેજ સમિતિના પ્રણેતા ,નવસારી લોકસભાના ઉમેદવાર તેમજ યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામા આજરોજ અમરેલી જિલ્લા બૂથ પ્રમુખ સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમા અમરેલી જીલ્લા પ્રમુખશ્રી રાજેશભાઇ કાબરીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમા લાઠીના ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પુર્વ મંત્રીશ્રી ઝવેરભાઇ રંઘોળીયા, અમરેલી જીલ્લા યુવા કોંગ્રેસના પ્રમુખશ્રી દેવરાજભાઇ બાબરીયા,શ્રી અભયભાઇ ડેર મોટી સંખ્યામા તેમના સમર્થકો સાથે પ્રદેશ અધ્યક્ષના હસ્તે ભાજપનો ખેસ અને ટોપી ધારણ કરી ભાજપમા જોડાયા.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેરણાત્મક સંબોધન કરતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાના હોય ત્યારે કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારે છે. ૨૦૨૨ની વિધાનસભામા કાર્યકર્તાઓની મહેનતને કારણે ભવ્ય જીત મળી છે પરંતુ લોકસભાની આ ચૂંટણીમા કોઇ કચાસ બાકી ન રહે તેની તકેદારી સૌ કાર્યકર્તાઓએ રાખવાની છે. વિધાનસભાની ચૂંટણીમા કોંગ્રેસ કરતા ભાજપને ૮૮ લાખ મતો વધારે મળ્યા છતાં અમુક બેઠકો નજીવા મતથી હારી ગયા આ ભુલ ફરી ન થાય તેની તકેદારી રાખવાની છે. કાર્યકર્તાઓ તેમને સોંપલુ કામ નિષ્ઠા પુર્વક કરશે તો પાંચ લાખ કરતા વધુ લીડ પ્રાપ્ત થશે તેનો વિશ્વાસ છે. શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, આજે સરકાર અને સહકારમા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સેવા કરી રહ્યા છે. ભાજપના કાર્યકર્તાઓએ સાબિત કર્યુ છે કે સત્તા પ્રાપ્તી માટે ચૂંટણી લડીએ છીએ અને સત્તા પ્રાપ્ત કરી સેવાકીય પ્રવૃતિ કરીએ છીએ અને એટલે જ ગુજરાતની જનતાને ભાજપના કાર્યકર્તાઓ પર વિશ્વાસ છે. બૂથ પ્રમુખોએ ચૂંટણીમા કેવી રીતે વધુ મતદાન થાય તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. કોઇ પણ બૂથ ચૂંટણીમા માઇનસ ન રહે તેની તકેદારી રાખવાની છે. ખેડૂતોની આવક વધે,તેમને સરળતાથી ખાતર મળે તે દિશામા કામ કર્યુ છે. આજે મોદી સરકારમા મહિલાઓ સુરક્ષીત અને આર્થિક રીતે મજબૂત થયા છે આવા નેતાશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને વડાપ્રધાન બનાવવાના છે. આ ચૂંટણીમા દરેક બેઠક પર પાંચ લાખથી વધુની લીડ સાથે જીતીશું તેવો વિશ્વાસ છે. લોકસભાના ઉમેદવારશ્રી ભરતભાઇ સુતરીયાએ સંબોધન કરતા જણાવ્યું કે, લોકસભાની ચૂંટણી રાષ્ટ્ર માટેની ચૂંટણી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પાછલા દસ વર્ષમા વિકાસના ખૂબ કામ કર્યા છે. આવનાર પેઢીના ભવિષ્ય માટેની આ ચૂંટણી છે. આ લોકસભામાની ચૂંટણીમા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમા પાંચ લાખથી વધુની લીડ સાથે જીતીશું તેવો વિશ્વાસ છે.

આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ કાબરીયા,ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી,સાંસદશ્રી નારણભાઈ કાછડિયા,કલસ્ટર ઈન્ચાર્જશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,લોકસભાના ઉમેદવાર શ્રી ભરતભાઈ સુતરીયા,નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા,ધારાસભ્યશ્રીઓ શ્રી મહેશભાઈ કસવાલા,શ્રી હીરાભાઈ સોલંકી,શ્રી જે.વી.કાકડિયા, શ્રી જનકભાઈ તળાવિયા,જીલ્લા મહામંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ ,પૂર્વ સાંસદશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય કક્ષાનો ‘‘અતુલ્ય વારસો આઈડેન્ટેટી એવોર્ડ ‘‘ મેળવતા પાટણ જિલ્લાના બાળ કલાકાર ધનુષ જોષી



અતુલ્ય વારસો સંસ્થા દ્વારા ગાંધીનગર ખાતે તા. ૭ એપ્રિલના રોજ ‘અતુલ્ય વારસો આઈડેન્ટિટી એવોર્ડ‘નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ૨૧ બાળ કલાકારોને પણ ક્રિએટિવ કિડ્સ એવોર્ડ આપવામાં આવ્યો હતો. જેમાં પાટણ જિલ્લાના છોટા વ્લોગર ધનુષ જોષીને પદ્મશ્રી જોરાવરસિહ જાદવના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ સમારોહમાં એક સાથે ૧૩૧ કલા સાધકોનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું. તેમજ અતુલ્ય વારસા સંસ્થા દ્વારા ૨૧ બાળ કલાકારોને ક્રીએટીવ કીડ્સ એવોર્ડ આપવામાં આવ્યા હતા. જેમાં પાટણ જિલ્લાના સિધ્ધપુરના બાળ કલાકાર ધનુષ જોષીએ આ એવોર્ડ પ્રાપ્ત કરી જિલ્લાને ગૌરવ અપાવ્યું હતું.

આ પ્રસંગે પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, એડિશનલ કલેક્ટરશ્રી પ્રદિપસિંહ રાઠોડ, અતુલ્ય વારસોના સંસ્થાપકશ્રી કપિલ ઠાકર, સામાજિક કાર્યકર સુશ્રી મિત્તલબેન પટેલ, ઈતિહાસવિદશ્રી વિશાલભાઈ જોષી, શિક્ષણવિદ સુશ્રી અમિબહેન, કલાકાર શ્રી મકરંદ શુક્લ અને કલાતીર્થ સુરતના શ્રી ઝાપડીયા ઉપસ્થિત રહ્યા હતા.

નિખિલ જોષી પાટણ જીલ્લા બ્યુરોચીફ

## અબ કી બાર મહેગાઈ અપાર’ નારો ભાજપાની નવી ઓળખ

# : કૂદકે – ભૂસકે વધી રહેલી મોંઘવારી- બેરોજગારીને રોકવામાં ભાજપ સરકાર નિષ્ફળ

ચારેબાજુ મોઘવારી અને સતત ભાવ વધારાથી ગુજરાત અને દેશની જનતા પીસાઈ રહી છે ત્યારે ‘અચ્છે દિન’ અને ‘બહુત હુઈ મહેગાઈ કી માર’ જેવા જુઠ્ઠા સુત્રો આપતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેંકરએ જણાવ્યું હતું કે મહિલાઓ-ગૃહિણીઓને મોઘવારીમાંથી મુક્તિ માટે કોંગ્રેસ પક્ષએ ‘નારી ન્યાય’ની પાંચ ગેરંટી આપી છે જેમાં ગરીબ પરિવારમાંથી એક મહિલાને વર્ષે એક લાખ રૂપિયાની આર્થિક મદદનો સંકલ્પ કર્યો છે. મોઘવારીના મારથી દેશમાં ગૃહિણીઓ- સામાન્ય-મધ્યમવર્ગનું બજેટ ખોરવાઈ ગયું. સતત વધી રહેલી મોંઘવારીમાં ‘અબ કી બાર મહેગાઈ અપાર’નો નારો ભાજપાની નવી ઓળખ બની ગઈ છે. મોઘવારી હટાવવા માટેના ‘‘અચ્છે દિન’ અને ‘બહુત હુઈ મહેગાઈ કી માર’ જેવા ભાજપના સુત્રો ખોખલા સાબિત થાય છે. ઘરેલુ ગેસ સીલીન્ડર કોંગ્રેસ શાસનમાં ૪૧૫ રૂપિયા મળતો હતો તે આજે ભાજપ સરકારમાં ૧૧૦૦ રૂપિયા જેટલો અતિ મોંઘો થયો છે.

# ભારત માટે ગૌરવ સમા લોકશાહીના અવસરમાં સૌ કોઈ ઉત્સાહભેર સહભાગી બને તેવા ઉમદા આશયથી જિલ્લામાં શોપીંગ મોલમાં ખરીદીના બિલ પર Paid સાથે ’મતદાન જરૂર કરીએ’ના સિક્કા લાગ્યા




## ગાંધીનગર શહેર સહિત જિલ્લાના મોટા શોપીંગ મોલ ખાતે અવશ્ય મતદાન કરવા ગ્રાહકોને શપથ લેવડાવવામાં આવ્યા : વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના ચૂંટણી પર્વમાં સહભાગી થવા નાગરિકોને પ્રેરિત કરાયા

ભારત માટે ગૌરવ સમા લોકશાહીના અવસરમાં સૌ કોઇ ઉત્સાહભેર સહભાગી બને તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે અવનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ વિવિધ મોટા શોપીગ મોલ અને બજારોમાં મતદાન જાગૃત્તિ અંગેના કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં સ્વીપ નોડલ અધિકારી શ્રી ડૉ. બી.એન. પ્રજાપતિ અને તેમની ટીમ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે વિવિધ કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવી રહ્યું છે. લોકશાહીના અવસરની ઉજવણીમાં મતદાન કરીને સૌ કોઇ સહભાગી બને તે માટે ગાંધીનગર શહેર સહિત કલોલ અને અન્ય તાલુકાના મોટા શોપીંગ મોલ કે માર્કેટ નજીક મતદાન જાગૃત્તિ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર શહેરના ડી- માર્ટ અને કલોલ શહેરમાં સુપર મોલ જેવા વેપારી મથકો ખાતે ખરીદી કરવા આવતાં ગ્રાહકોને લોકસભા સામાન્ય ચૂંટણીનું સંદર્ભે આગામી તા. ૦૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનાર મતદાન વખતે લોકશાહીના આ અવસરમાં આપ અવશ્ય મતદાન કરીને સહભાગી બનશો ,તેવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. તેમજ મોલની અંદર ખરીદી કરવા આવતાં ગ્રાહકોને લોકશાહી દેશમાં મતદાન કરવું તે આપણી નૈતિક ફરજ છે, આ ફરજ અદા કરવામાં આપની ચૂક ન થાય તે યાદ રહે તે માટે મોલ કે માર્કેટની નજીક બેનર – હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા. તેમજ ગ્રાહક આનંદ સાથે ખરીદી કરીને બિલ બનાવવા માટે કાઉન્ટર પર જાય અને નાણાંની ચુકવણી કરે તે સમયે ‘ પેઈડ ’ ના સિક્કા સાથે ’ મતદાન જરૂર કરીએ’ તે પ્રકારનો સિક્કો મારીને મતદાન કરવાનું ગ્રાહકની માનસપટ્ટ પર અંકિત કરાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં શોપીગ મોલ ખાતે આવતાં ગ્રાહકો માટે લોકશાહી અવસરમાં મતદાન જાગૃત્તિ અભિયાને નાગરિકોને પોતે વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના નાગરિક હોવાનું ગૌરવ આપાવ્યું હતું. તેમજ ઘણા ગ્રાહકોએ સામે ચાલીને અવશ્ય મતદાન કરીશું તેવા શપથ લીધા હતા. આ અભિયાનને સાર્થક કરવા માટે સ્વીપના નોડલ અધિકારી શ્રી ડૉ. બી.એન. પ્રજાપતિ અને પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. પિયુષ પટેલ સહિત તેમની સમગ્ર ટીમ અને સ્થાનિક તંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ગાંધીનગર જિલ્લામાં બિન અધિકૃત રીતે રેતી ખનિજની ચોરી કરતાં

# ત્રણ વાહનોને વહેલી સવારે જિલ્લા ભુસ્તરની ટીમે પકડી પાડયા : ૮૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

## ગાંધીનગર જિલ્લામાં બિન અધિકૃત રીતે રેતી ખનિજની ચોરીને અટકાવવા માટે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ સંબંધિત અધિકારીને કડક હાથે કામગીરી કરવાની સૂચના આપી

ગાંધીનગર જિલ્લામાં બિનઅધિકૃત રીતે રેતી ખનિજની ચોરીને અટકાવવા માટે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે દ્વારા સંબંધિત અધિકારીને કડક હાથે કામગીરી કરવાની સૂચના આપી છે. ખનિજની ચોરી કરતાં કોઇપણ ખનિજ માફિયાઓને ન છોડવા માટે જિલ્લા વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. આજે જિલ્લા ભુસ્તરની કચેરીએ આવી ખનિજ ચોરી કરતાં ત્રણ ડમ્પરોને પકડી પાડી છે. અંદાજે ૮૦ લાખ જેટલો મુદ્દા માલ જપ્ત કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ ખનીજ ચોરી કરતાં ખનિજ માફિયાઓ સામે કડકાઇથી પગલા લેવા અને બિન અધિકૃત રીતે રેતી કે અન્ય ખનીજની ચોરી ન થાય તે માટે ખાસ તકેદારી રાખવા માટે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરીને મદદનીશ ભુસ્તરશાસ્ત્રીને સૂચના આપવામાં આવી હતી. જે અનુસંધાને આ પ્રકારની ચોરી કરતાં કોઇપણ વ્યક્તિને ન છોડવા માટે સક્રિય થયેલ ભુસ્તરની કચેરીની ટીમ દ્વારા તા. ૦૯/૦૪/૨૦૨૪ના રોજ વહેલી સવારે આવા ખનીજ માફિયાઓને પકડવાની કવાયત શરૂ કરી હતી. આ ચેકીગ દરમ્યાન ત્રણ વાહનો બિન અધિકૃત સાદી રેતી ખનિજ વહન કરતાં પકડાયા હતા. જે વાહનો અને મુદ્દા માલને સીઝ કરવામાં આવ્યો હતો.

ખનીજ માફિયાઓ સામે લાલ આંખ કરનાર ભુસ્તર કચેરી દ્વારા ચેકીંગ દરમ્યાન ગાંધીનગરના સેકટર- ૩૦ ના સર્કલ પાસેથી ડમ્પર નંબર – જીજે ૧૮ બીવી ૨૩૧૧ને રોકવામાં આવ્યું હતું. આ વાહનના ચેકીગ દરમિયાન વાહનના માલિક કાર્તિક ગણેશભાઇ ભરવાડના ડમ્પરમાં રોયલ્ટી પાસ વગર બિન અધિકૃત રીતે રેતીનું વહન કરવા બદલ ડમ્પર જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યાંથી ખનીદ ભરેલ છે, તેની સ્થળ તપાસ કરવા અને માપણી કરવા જિલ્લા કલેકટરશ્રીના આદેશથી હાલમાં ચાલું છે.

## ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ સ્ત્રી- પુરૂષ મતદારોમાં

# ૧૦ ટકા તફાવત ઘરાવતા કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના બુથો પર મહિલાઓ સક્રિય થઇ મતદાન કરે તે દિશામાં સુચારું આયોજન

## કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકામાં મહિલા મતદાન વધારવા માટે આંગણવાડી કાર્યકર, આશાવર્કર બહેનો, ગ્રામ સેવક અને સખી મંડળોને મહિલા મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં સહભાગી કરાશે



લોકશાહીના અવસરને સાચા અર્થમાં સાર્થક કરવા માટે મહિલાઓનું મતદાન વધે તે ખૂબ જરૂરી છે, જેથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સ્ત્રી- પુરૂષ મતદારોનો ૧૦ ટકા તફાવત ઘરાવતા કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના બુથો પર મહિલાઓ સક્રિય થઇ મતદાન કરે તે દિશામાં સુચારું આયોજન અર્થે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં સ્ત્રી-પુરૂષને મતાધિકારનો એક સરખી વયે મતાધિકાર આપવામાં આવ્યો છે. સમાજમાંથી જેમ કુરિવાજો કે દુષ્ણો દૂર કરવા માટે મહિલાઓ જાગૃત્ત થવી જેટલી જરૂરી છે. તે જ રીતે લોકશાહીના અવસરને સાચા અર્થમાં ઉત્સાહભેર ઉજવણી કરવા માટે મહિલા મતદાન વધુમાં વધુ થાય તે ખૂબ જરૂરી છે. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સ્વીપ અંતર્ગત મહિલા મતદાન જાગૃત્તિના કાર્યક્રમને પ્રાધાન્ય આપવા માટે અગ્રીમતા આપવા જિલ્લા વહીવટી તંત્ર કટિબધ્ધ થયો છે.

લોકશાહીના અવસરમાં મહિલાઓનું મતદાન કરીને યોગદાન વધે તે માટે ૧૦ ટકા સ્ત્રી-પુરૂષ તફાવત ઘરાવતા કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના બુથોના બીએલઓ સાથે ટીપીઈઓ, બીઆરસી કોર્ડિનેટર, સીડીપીઓ અને ખેતીવાડી અધિકારીશ્રીઓ દ્વારા આ બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં સ્થાનિક કક્ષાએ મહિલા મતદાન વધારવા માટેના સુચારું આયોજન અર્થે સ્થાનિક કક્ષાએ આંગણવાડી કાર્યકર, આશાવર્કર બહેનો, ગ્રામ સેવક અને સખી મંડળોને મહિલા જાગૃત્તિ અર્થેમાં જોતરવામાં આવનાર છે. આ તમામ ક્ષેત્રોમાં સક્રિય મહિલાઓ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણીમાં જે તાલુકામાં સ્ત્રી – પુરૂષ મતદારોમાં ૧૦ ટકા તફાવત મતદાનમાં રહ્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.